# ૨૩ જૂન -૨૦૧૬ (મંગળવાર)

**(૧) ઇસરોએ એક સાથે ૨૦ ઉપગ્રહો છોડી ઇતિહાસ રચ્યો ?**

- ૨૨ જૂનના રોજ ઇસરોએ આંધ્રપ્રદેશના શ્રી હરિકોટા સ્સ્પેશ સ્ટેશન ખાતેથી એક સાથે ૨૦ ઉપગ્રહો લોન્ચ કરી ઇતિહાસ સર્જ્યો હતો.
- આ ઉપગ્રહો પૈકી ૩ ભારતીય હતા, જ્યારે બાકીના ૧૭ ઉપગ્રહો અમેરિકા, જર્મની, કેનેડા, ઇન્ડોડેશિયાના હતા
- આ બધા ઉપગ્રહોનું કુલ વજન ૧૨૮૮ કિલો હતું.
- આ લોન્ચિંગ ઇસરોના પીએસએલવી સી ૩૪ રોકેટ દ્વારશા થયુ હતું.
- આ અગાઉ ઇસરોએ વર્ષ ૨૦૦૮માં એક સાથે ૧૦ ઉપગ્રહ લોન્ચ કર્યા હતા.
- આ સાથે ઇસરોએ સેટેલાઇટ લોન્ચિંગ સ્કોર સદી વટાવીને ૧૧૩ સુધી પહોંચી ગયો છે.
- આ ૧૧૩ ઉપગ્રહ લોન્ચિંગમાં ૭૪ ઉપગ્રહ ભારત સિવાયના ૨૦ દેશોના છે.
- ભારતનો પહેલો ઉપગ્રહ 'આર્યભટ્ટ' ૧૯૭૫માં લોન્ચ થયો હતો. જે પરદેશી રોકેટ દ્વારા લોન્ચ થયો હતો. જે પરદેશી રોકેટ દ્વારા લોન્ચ થયો હતો.
- ઇસરોએ લોન્ચ કર્યો હોય એવા પહેલો ઉપગ્રહ ૧૮ જુલાઇ, ૧૯૮૦ના રોજ લોન્ચ થયેલો રોહિણી-આરએસ-૧ હતો.
- એ લોન્ચિંગ સેટેલચાઇટ લોન્ચિંગ વિકલ (..) દ્વારા કરવામાં આવ્યું હતું.
- લોન્ચ થયેલા ૩ ભારતીય ઉપગ્રહોલના નામ
  (૧) કાર્ટોસેટ
  (૨) સત્યાભામા સેટ
  (૩) સ્વયં
- કાર્ટોસેટ-૨નું મહત્વ :
- કાર્ટોસેટ ઉપગ્રહ આ સીરીઝનો ચોથો ઉપગ્રહ છે.
- આ સેટેલાઇટનું કામ અર્થ ઓબ્ઝર્વેશનનું છે.
- ધરતીની તસવીરલ લઇ નકશા બનાવવા, શહેરોનો વધતો વિસ્તાર માપવો, દરિયાકાંઠાનું ધોવાણ નોંધવું વગેરે કામગીરી કરશે.
- વજન - ૭૨૭.૫ કિ.ગ્રા.
- અન્ય બે ઉપગ્રહો સત્યભામાસેટ અને સ્વયં
- ચેન્નઇની સત્યભામા યુનિવર્સિટીએ સત્યભામાસેટ ઉપગ્રહ તૈયાર કર્યો હતો.
- સત્યભામાસેટનું વજન- ૧.૫ કિ.ગ્રા.
- સત્યભામાસેટ ગ્રીનહાઉસ વેસની માહિતી એકઠી કરવાનું કામ કરશે.
- પુનાની કોલેજ ઓફ સ્વયં ઉપગ્રહ તૈયાર કર્યો હતો.
- વજન ૧ કિ.ગ્રા.
- સ્વયંનું કામ હેમ રેડિયો ઓપરેટરોને મદદ પહોંચાડવાનું છે.
- ઇસરોના ચેરમેન : એ.એસ.કિરણકુમાર

પ્રશ્નો :

**(૧) તાજેતરમાં ઇસરોએ એક સાથે કેટલા ઉપગ્રહ લોન્ચ કરી ઇતિહાસ રચ્યો ?**
- ૨૦

(૨) તાજેતરમાં ઇસરોએ એકસાથે કરેલ ૨૦ ઉપગ્રહ લોન્ચિંગમાં કેટલા ભારતીય ઉપગ્રહ હતા ? ક્યાં-ક્યાં ?
- ત્રણ (૧) કાર્ટોસેટ-૨
  (૨) સત્યભામાસેટ
  (૩) સ્વયં

(૩) ઇસરોએ એકસાથે ૨૦ ઉપગ્રહનું લોન્ચિંગ કયા રોકેટ દ્વારા કર્યું હતું ?
- PSLV-C 34

(૪) ઇસરોએ એક સાથે ૨૦ ઉપગ્રહનું લોન્ચિંગ ક્યાં સ્થળેથી કર્યું હતું ?
- શ્રી સતિષ ધવન સ્પેસ સેન્ટર, હરિકોટા

(૫) ભારતનો પ્રથમ ઉપગ્રહ કયો હતો ?
- આર્યભટ્ટ

(૬) ઇસરો દ્વારા લોન્ચ થયેલ પ્રથમ ભારતીય ઉપગ્રહ ?
- રોહિણી- આરએસ-૧

(૭) કાર્ટોસેટ-૨ ઉપગ્રહનું કામ જણાવો ?
- અર્થ ઓબ્ઝર્વેશન

(૮) સત્યભામાસેટ ઉપગ્રહ ભારતની કઇ યુનિવર્સિટી દ્વારા તૈયાર થયો છે ?
- સત્યભામા યુનિવર્સિટી, ચેન્નઇ

(૯) સ્વયં ઉપગ્રહ ભારતની કઇ યુનિવર્સિટી દ્વારા તૈયાર થયો છે ?
- કોલેજ ઓફ એન્જિનિયરીંગ, પુના

(૧૦) ઇસરોના ચેરમેનનું નામ જણાવો.
- એ.એસ.કિરણકુમાર